સાતફેરા સમૂહલગ્ન આયોજિત
જિલ્લામાંથી કુંવરબાઇનું મામેરૂની સહાય
ચૂકવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૮/૨૭૮૯૧૧/અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૭/૦૭/૨૦૧૮

વંચાણમાં લીધા:

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૦૧/૦૫/૨૦૦૨નો પરીપત્ર ક્રમાંક: વિજાક/જન/સાતફેરાસમૂહલગ્ન/૨૦૦૨:૦૩/૭૭૯

(૨) નિયામકશ્રી(વિ.જા.ક.)નો તા.૦૧/૦૫/૨૦૧૮નો પત્ર ક્રમાંક: વિ.જા.ક./જન/પરચ/૨૦૧૮-૧૯-૮૨૧

આ મુ ખ :

હાલ રાજ્ય સરકાર દ્વારા કુંવરબાઇનું મામેરૂ યોજના અંતર્ગત અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે પછાત વર્ગની કન્યાઓને તેમના લગ્ન પ્રસંગે કુટુંબદીઠ બે કન્યાઓને મામેરા માટે રૂ.૧૦,૦૦૦ અને સાત ફેરા સમૂહલગ્ન યોજના અંતર્ગત સમૂહલગ્નમાં લગ્ન કરનાર યુગલોને યુગલ દીઠ રૂ.૧૦,૦૦૦ કન્યાના નામે સહાય આપવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના નિયામકશ્રી(વિ.જા.ક.)ના તા.૦૧/૫/૨૦૦૨ના પરિપત્રથી સાત ફેરા સમૂહલગ્ન યોજનાની સહાયની ચૂકવણી માટે સમૂહલગ્ન આયોજિત જિલ્લાના જિલ્લાધિકારીએ યુગલ રાજ્યના કોઇ પણ જિલ્લાનું રહેવાસી હોય, સમૂહ લગ્નમાં જોડાનાર પાત્રતા ધરાવતા યુગલને સમૂહલગ્ન આયોજક સંસ્થાએ જે જિલ્લામાં સમૂહલગ્નનું આયોજન કર્યું હોય તે જિલ્લામાંથી જ સહાયની રકમની ચૂકવણી કરવાની પદ્ધતિ અમલમાં છે, જ્યારે કુંવરબાઇનું મામેરૂ યોજનાનો લાભ લેવા માટે કન્યા જે સ્થળ/જિલ્લાની હોય, તે જિલ્લાધિકારીને અરજી કરી, સહાયની રકમ કન્યાના વસવાટના જિલ્લામાંથી મેળવવાની રહે તે મુજબની પદ્ધતિ અમલમાં છે: આમ, સમૂહલગ્નના સ્થળવાળા જિલ્લામાંથી સમૂહલગ્ન માટે સહાય અને કન્યાના રહેઠાણવાળા જિલ્લામાંથી કુંવરબાઇનું મામેરૂ માટે સહાય એમ બે જુદાજુદા જિલ્લામાંથી સહાય મેળવવાની થાય છે. આ વ્યવસ્થાના કારણે અરજદાર કન્યા અને તેના પિતા/વાલીને બિનજરૂરી હાલાકી પડતી હોવાથી તેમજ અરજદારોની સ્થાન

ચકાસણી વગેરે વહીવટી પ્રક્રિયા બેવડાતી હોવાથી સાતફેરા સમૂહ લગ્ન આયોજિત જિલ્લામાંથી ઉક્ત બન્ને યોજના હેઠળ સહાયની રકમની એકી સાથે ચૂકવણી કરવા અંગે વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના નિયામકશ્રી(વિ.જા.ક.)ના તા.૦૧/૦૫/૨૦૧૮ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી, જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠ રા વ :

પુખ્ત વિચારણાને અંતે કુંવરબાઇનું મામેરૂ યોજના અને સાતફેરા સમૂહ લગ્ન યોજના એમ બન્ને યોજનામાં પાત્રતા ધરાવતી રાજ્યની અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે પછાત વર્ગની કન્યાના પિતા/વાલીના રહેઠાણના સ્થળ/જિલ્લાને ધ્યાને લીધા સિવાય એક યુગલ બે જિલ્લામાંથી લાભ મેળવે તેના કરતાં એક જ જિલ્લામાંથી લાભ મેળવે તે હેતુથી વહીવટી સરળતા ખાતર સમૂહલગ્નનું આયોજન જે જિલ્લામાં કરવામાં આવેલ હોય તે જ જિલ્લામાંથી કુંવરબાઇનું મામેરૂ તથા સાતફેરા સમૂહ લગ્ન એમ બન્ને યોજના હેઠળ અપાતી સહાયની એકી સાથે ચૂકવણી કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ યોજના હેઠળ બેવડું ચુકવણું ન થાય તેની તકેદારી માટે સમૂહલગ્ન યોજાય તે જિલ્લા અધિકારીએ આવી અન્ય જિલ્લાની કેટલી કન્યાઓએ કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ લાભ મેળવેલ છે તેની વિગત સહાય ચૂકવનાર જિલ્લાના જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીએ કન્યાના રહેઠાણના સંબંધિત જિલ્લાધિકારીને જાણ કરવાની રહેશે અને સામાપક્ષે કન્યાના પિતા/વાલીએ પણ તેઓ હવે કુંવરબાઇનું મામેરૂ યોજના અંતર્ગત તેમના પોતાના જિલ્લામાંથી લાભ મેળવશે નહીં તેવી બાંહેધરી આપવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઇ. એમ. ઘાંચી)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી,
વિકસતિ જાતિ કલ્યાણ ખાતું/ અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

નકલ રવાના:

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે તિજોરી અધિકારીશ્રીઓ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/સમાજ કલ્યાણ અધિકારીશ્રી (નિયામકશ્રી(વિ.જા.ક.) /નિયામકશ્રી(અ.જા.ક.) મારફતે)
- સેક્શન અધિકારીશ્રી(ગ/અ/જ/હ/બ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર તથા વિભાગના ફેસબૂક પેજ પર મૂકવાની વિનંતીસહ
- નાયબ સેક્શન અધિકારી સિલેકટ ફાઇલ
- સિલેકટ ફાઇલ